બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ અધિનિયમ-૨૦૦૯ની કલમ ૧૨.૨ અન્વયે વિદ્યાર્થી દીઠ ખર્ચ રીએમ્બર્સ કરવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૧૬/સી.સી.૫૦/ચ
સચિવાલય, ગાંધીનગર
તા.૦૬/૧૦/૨૦૨૧.

**વંચાણે લીધાઃ**

(૧) ધ રાઇટ ઓફ ચિલ્ડ્રન ટૂ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ (રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ) -૨૦૦૯ ની કલમ ૧૨.૧(સી) અને કલમ ૧૨.૨

(૨) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીની તા.૧૮.૦૯.૨૧ની દરખાસ્ત ક્રમાંકઃ પ્રાશિનિ/RTE/સીસી/૫૦૪૧૪/૨૦૨૧/૧૩૨૩

(૩) શિક્ષણ વિભાગના તા.૦૪.૦૮.૨૦૨૦ના ઠરાવ ક્રમાંકઃ ખપશ/૧૧૨૦૨૦/સિ.ફા.૬/ચ

**આમુખ:**

બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ અધિનિયમ-૨૦૦૯ની વંચાણે લીધેલ ક્રમ-૧ મુજબ કલમ-૧૨.૧(સી) અંતર્ગત નબળા અને વંચિત જૂથના બાળકો માટે ૨૫% મુજબ તેમાં નિર્દિષ્ટ કરેલ શાળાઓમાં મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણની જોગવાઇ કરવામાં આવેલ છે. જે અન્વયે નબળા અને વંચિત જૂથના ૨૫% બાળકોને પ્રવેશ આપતી બિન-અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓને ફી રી-એમ્બર્સમેન્ટ ખર્ચ નક્કી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ ની કલમ ૧૨.૧(સી) હેઠળ નબળા અને વંચિત જૂથના બાળકોને પ્રવેશ આપેલ બિન-અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓને વિદ્યાર્થી દીઠ ખર્ચ રીએમ્બર્સ કરવાની જોગવાઇ રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ની કલમ ૧૨.૨ હેઠળ નિયત કરેલ છે. જે ધ્યાને લઇ રાજ્ય સરકાર દ્વારા સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી દીઠ વાર્ષિક જે ખર્ચ કરવામાં આવતો હોય તે અથવા રાઇટ ટુ એજ્યુકેશન

એક્ટ-૨૦૦૯ ની કલમ ૧૨.૧(સી) હેઠળ પ્રવેશ આપેલ જે તે બિન-અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળા દ્વારા વિદ્યાર્થી પાસેથી લેવામાં આવતી વિદ્યાર્થી દીઠ વાસ્તવિક ફી, તે બે પૈકી જે ઓછું હોય તે મુજબની વિદ્યાર્થીદીઠ રકમ જે તે શાળાને રીએમ્બર્સ કરવામાં આવશે. જે ધ્યાને લઇ રાજ્ય સરકાર દ્વારા સરકારી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પાછળ કરાતા ખર્ચ મુજબ વિદ્યાર્થી દીઠ ખર્ચ (Per Child Expenditure) રૂ.૧૩,૦૦૦/- (અંકે રૂપિયા તેર હજાર પૂરા/- )ની રકમ ધ્યાને લઇ કલમ ૧૨.૨ મુજબ બિન-અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓને વિદ્યાર્થી દીઠ ચૂકવણી કરવાની થાય છે.

૩. રાઇટ ટુ એજ્યુકેશન એક્ટની કલમ ૧૨.૨ મુજબ વિદ્યાર્થી દીઠ ખર્ચ (Per Child Expenditure) રૂ.૧૩,૦૦૦/- (અંકે રૂપિયા તેર હજાર પૂરા/-) અથવા જે તે બિન-અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાની ફી રેગ્યુલેશન કમિટી દ્વારા નક્કી કરવામાં આવેલ વિદ્યાર્થી દીઠ વાસ્તવિક ફી, બે માંથી જે ઓછું હોય તે મુજબની રકમ રીએમ્બર્સ કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે. આ ઠરાવનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨થી કરવાનો રહેશે. આ અંગેની આનુષાંગિક કાર્યવાહી નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીએ કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકવાળી ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૦૬.૧૦.૨૦૨૧ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

૦૬/૧૦/૨૦૨૧

(બી.વી.રાઠવા)
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર-સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રા.શિ.મા.શિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય,ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, બ્લોક નં.૪, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- અગ્ર-સચિવશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- સચિવશ્રી (પ્રા.શિ. અને મા.શિ.) ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં.૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ (નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત)
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત)
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ
- સિલેકટ ફાઇલ